પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૩૨ | ૧૨ એપ્રિલ, ૨૦૧૮, ગુરૂવાર ; ચૈત્ર વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# રાજ્યમાં ભરઉનાળે ચોમાસાનો માહોલ

**સૌરાષ્ટ્ર તેમજ ઉત્તર ગુજરાતમાં કડાકા સાથે વરસાદ : બેના મોત : અનેક વિસ્તારોમાં કરા સાથે વરસાદ : ગાંધીનગર-અમદાવાદમાં વરસાદી માહોલ**

**હળવદના મયુરનગરમાં વીજળી પડતા મહિલા અને બાળકનું મોત : રાધનપુર એપીએમસી માર્કેટમાં અનાજના જથ્થાને નુકસાન : માવઠાથી ખેડૂતોને નુકસાન**



અમદાવાદ, તા.૧૧

સમગ્ર ગુજરાતમાં ફરી એકવાર હવામાનમાં જોરદાર પલ્ટો આવ્યો છે. વાતાવરણના પલ્ટા વચ્ચે સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં કડાકા સાથે વરસાદ થયો છે. અનેક જગ્યાઓએ કરા સાથે વરસાદ થતા ખેડૂત સમુદાયમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. રાધનપુર એપીએમસી માર્કેટમાં ખુલ્લામાં પડેલા અનાજને કમોસમી વરસાદના કારણે નુકસાન થયું છે. ખેડૂત સમુદાયમાં માવઠાના કારણે ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. બીજી બાજુ વીજળી પડતા બેના મોત થયા હોવાના અહેવાલ મળ્યા છે. અમદાવાદ શહેરમાં પણ બપોર બાદ એકાએક વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો અને વરસાદી માહોલ સર્જાયો હતો. હવામાન વિભાગ તરફથી જણાવવામાં આવ્યું છે કે આગામી બે દિવસ દરમ્યાન ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છના વિવિધ ભાગોમાં વરસાદ પડી શકે છે. આજે ભુજના જુદા જુદા ભાગોમાં કરા સાથે વરસાદ થયો હતો. અંજારમાં પણ વરસાદ થયો હતો. અંજારમાં પણ વરસાદ થયો હતો. અમદાવાદ માટેની આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે આગામી દિવસોમાં વાદળછાયું વાતાવરણ રહી શકે છે. આજે સૌરાષ્ટ્ર અને કચ્છના વિવિધ ભાગોમાં તાપમાનમાં

● અનુસંધાન પાન-૭ પર

## નિરવની સંપત્તિની માહિતી મેળવવા ૧૩ દેશોનો સંપર્ક

નવી દિલ્હી,તા. ૧૧

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ પંજાબ નેશનલ બેંકને ૧૩૫૦૦ કરોડ રૂપિયાનો ચુનો લગાવનાર મુખ્ય આરોપી હિરા કારોબારી નિરવ મોદી અને તેના મામા મેહુલ ચોકસીના કારોબાર અને તેમની સંપત્તિ અંગે માહિતી મેળવી લેવા માટે હવે ૧૩ દેશોનો સંપર્ક કર્યો છે. ઈડીના અધિકારીઓ ૧૩ દેશોના અધિકારીઓ સાથે હાલમાં સંપર્કમાં છે. તેમના અંગે વધુને વધુ માહિતી મેળવી લેવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ઈડી દ્વારા આ ૧૩ દેશોને લેટર ઓફ રોગેટરી પણ જારી કરી દીધા છે. જ્યાં મોદી અને ચોકસીના કારોબાર હોવાની શંકા રહેલી છે. ઈડી દ્વારા જે દેશોને લેટર ઓફ રોગેટરી જારી કરી દીધા છે તેમાં સિંગાપોર, દક્ષિણ આફ્રિકા, બ્રિટન, દુબઈ, બેલ્જિયમ, અમેરિકા, રશિયા, ફ્રાન્સ, ચીન અને હોંગકોંગનો સમાવેશ થાય છે.

## ન્યુઝ ટ્રેક

**તાજમહલ પર વકફ બોર્ડનો દાવો**

તાજમહલના અધિકાર બાદશાહ શાહજહાંએ તેઓને આપ્યા છે તેમ કહી સુન્ની વકફ બોર્ડે તેના પર દાવો ઠોક્યો છે. જો કે સુપ્રિમ કોર્ટે પૂરાવા રૂપે શાહજહાંના હસ્તાક્ષર લાવવા કહ્યુ છે.

**મારી હત્યા થઈ શકે : રાબડીદેવી**

બિહારના પૂર્વ મુખ્યમંત્રી રાબડીદેવીએ સરકાર પર ગંભીર આરોપ લગાવતા કહ્યુ છે કે મારી સુરક્ષા હટાવી લેવાઈ છે. અને મારી હત્યા થઈ શકે છે. સીબીઆઈના દરોડા બાદ તેઓની સુરક્ષા પાછી ખેંચાઈ હતી.

**૨૦૧૮-૧૯માં ભારતનો જીડીપી વધશે**

એશીયાઈ વિકાસ બેંકે તેના રીપોર્ટમાં જણાવ્યુ છે કે ભારતનો જીડીપી ૨૦૧૮-૧૯માં વધીને ૭.૩ ટકા સુધી પહોંચી શકે છે.

**ફીજીમાં ચક્રવાતનો કહેર**

ફીજીમાં આવેલા ઉષ્ણકટીબંધીય ચક્રવાતથી ભારે વરસાદ અને વિનાશકારી પવનોની અસર તળે જનજીવન અસ્તવ્યસ્ત બન્યુ છે. ૧ હજારથી વધુ લોકો હજુ રાહત કેન્દ્રોમાં છે.

**મધ્યપ્રદેશમાં ભૂકંપના ઝાટકા**

મધ્યપ્રદેશના સિંગરૌલી જિલ્લામાં ભૂકંપના ઝાટકા અનુભવાયા હતા. રીક્ટર સ્કેલ પર ભૂકંપની તિવ્રતા ૪.૬ નોંધાઈ હતી.

# અલ્જેરિયામાં સેનાનું વિમાન ક્રેશ : ૨૫૭ના મોત



અલ્જિરીયા,તા.૧૧

અલ્જેરિયામાં બુધવારે સવારે સર્જાયેલી એક વિમાન માઈલ દૂર તૂટી પડયું હતું. બોઉફારીક એરપોર્ટ નજીક તૂટી પડેલા લશ્કરી વિમાનમાં સૈનિકો સ્થાનિક મીડિયા અહેવાલો મુજબ. ઘટનાસ્થળે ૧૪ જેટલી એમ્બ્યુલન્સો અને દશ જેટલા બનાવવા માટે બંધ કરવામાં આવ્યા છે. અલ્જેરિયાની સેનાના સૂત્રોને ટાંકીને અલ-ટેક ઓફ કર્યા બાદ તરત જ પ્લેન ક્રેન થયું હતું. દેશની રાજધાની અલ્જિયર્સમાં આવેલા એરપોર્ટને

**દુર્ઘટના સમયે વિમાનમાં મોટી સંખ્યામાં હથિયાર હતા, કોઈનો પણ બચાવ થયો હોવાની શક્યતા નહિવત : દુર્ઘટનાસ્થળ દેશની રાજધાની અલ્જીયર્સથી ૩૦ કિલોમીટર દૂર છે, આ વિમાન દક્ષિણપશ્ચિમી અલ્જીરિયા માટે રવાના થયું**

દુર્ઘટનામાં ૨૫૭થી વધુ લોકોના મોત નીપજ્યા છે. આ એક મિલિટ્રી એરક્રાફ્ટ હતું અને અલ્જેરિયાની રાજધાનીથી વીસ અને શસ્ત્રસરંજામને લઈ જવાઈ રહ્યો હતો. વિમાન તૂટી પડયા બાદ દુર્ઘટનાસ્થળેથી ધૂમાડાના ગોટા ઉઠતા પણ દેખાયા હતા. ફાયરફાઈટર્સ પહોંચ્યા હતા. દુર્ઘટના બાદ એરપોર્ટની આસપાસના તમામ માર્ગોને ઈમરજન્સી સેવાઓને ત્વરિત હડાથે પોતાના અહેવાલમાં જણાવ્યું છે કે દુર્ઘટનામાં કોઈનો બચાવ થયો નથી.

બોઉફરિક એરપોર્ટ ઉપરથી દેશની એરફોર્સ દ્વારા ઉપયોગમાં લેવાય છે. ગલ્ફ ન્યૂઝના મતે પ્લેનમાં સૈનિકોની સાથે જ સૈન્ય

● અનુસંધાન પાન-૭ પર

**જોઈએ છે**

શ્રી ગોવર્ધનનાથજીની હવેલી, સેક્ટર-૨૧ ખાતે વૈષ્ણવ સંપ્રદાયમાં રસ ધરાવતા હિસાબી કામના તેમજ કોમ્પ્યુટરની કામગીરી જાણકાર હિસાબનીશ અને વહીવટી કામગીરી સંભાળી શકે તેવા વૈષ્ણવે દિન-સાતમાં અપેક્ષિત પગાર સાથે અરજી કરવી.

સંપર્ક નં. : ૨૩૨૨૦૪૨૮ (ઓ)

પ્રમુખ : ૯૮૨૪૨૬૬૧૨૧ (મો.)   માનદ્ મંત્રી

# કાવેરી આંદોલનને પગલે આઈપીએલની તમામ મેચો ચેન્નાઈમાંથી ખસેડવા નિર્ણય

**એમએ ચિદમ્બરમ સ્ટેડિયમની મેચો હવે અન્ય જગ્યાએ રમાશે : જટિલ કાવેરી નદીના જળ વહેંચણીને લઈ હિંસક વિરોધ પ્રદર્શન જારી રહેતા તોફાનની દહેશત વચ્ચે આયોજકોનો નિર્ણય**

નવી દિલ્હી, તા.૧૧

હાઈપ્રોફાઈલ ઈન્ડિયન પ્રિમિયલ લીગ-૧૧ની ચેન્નાઈમાં રમાનારી તમામ મેચોને અન્યત્ર ખસેડી લેવાનો નિર્ણય કરવામાં આવ્યો હોવાના અહેવાલ મળ્યા છે. જોકે આને હજુ સમર્થન મળ્યું નથી પરંતુ કાવેરી જળ વિવાદને લઈને થઈ રહેલા વિરોધ વચ્ચે આ નિર્ણય લેવામાં આવ્યો છે. ચેન્નાઈના એમએ સ્ટેડિયમમાં જેટલી પણ મેચો રમાનાર હતી તે તમામ મેચોને હવે અન્યત્ર શિફ્ટ કરવામાં આવી છે. આ તમામ મેચો હવે ક્યાં રમાશે તે અંગે હજુ નિર્ણય લેવાયો નથી. ચેન્નાઈમાં કાવેરી નદીમાં જળ વહેંચણીનો જોરદાર વિરોધ થઈ રહ્યો છે. ગઈકાલે ચેન્નાઈ સુપરની મેચ હતી. જે પૈકી હજુ સુધી માત્ર એક જ મેચ રમાઈ હતી. ગઈકાલે ચેન્નાઈ સુપર અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચેની મેચ દરમિયાન પણ વિરોધ ફિલ્ડંગ કરી રહેલા ચેન્નાઈ સુપર કિંગ્સના ખેલાડી રવિન્દ્ર જાડેજાની તરફ ફેંકવામાં આવ્યું હતું. સ્ટેડિયમની બહાર મેચની ટિકિટ



દરમિયાન પણ જોરદાર વિરોધ પ્રદર્શન રહેતા મેદાનમાં ખૂબ ઓછા ચાહકો પહોંચ્યા હતા. વિરોધ પ્રદર્શન અને હિંસાની દહેશત વચ્ચે આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ સિઝનમાં એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં કુલ સાત મેચો રમનાર પ્રદર્શન થતા આયોજકો ચિંતાતૂર થયા હતા. સ્ટેડિયમની બહાર લોકોએ ભારે હોબાળો મચાવ્યો હતો. મજબૂત સુરક્ષા વ્યવસ્થા હોવા છતાં ઘણા લોકો સ્ટેડિયમની અંદર પહોંચી ગયા હતા અને આ લોકોએ મેદાનમાં શૂઝ ફેંક્યા હતા. એક શૂઝ અને ચેન્નાઈના ટીશર્ટ સળગાવીને વિરોધ કરવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટે કાવેરી નદીના પાણીના વિભાજનને લઈને તમિલનાડુના હિસ્સામાં ઘટાડો કરી દીધો છે. સાથે સાથે કર્ણાટકને વધુ પાણી આપવાનો આદેશ આપ્યો હતો.

## પેટ્રોલ-ડિઝલના છુટક ભાવમાં વધારો નહિ કરવા આદેશ

**પેટ્રોલિયમ કંપનીઓને સરકાર તરફથી સૂચના આપવામાં આવી : વૈશ્વિક ક્રુડ ઓઈલની કિંમતમાં હાલની જ રિકવરીના લીધે થયેલા નુકસાનને પહોંચી વળવા સૂચન**

નવી દિલ્હી, તા.૧૧

ભારતની સરકારી ઓઈલ રિટેલર્સ કંપનીઓને પેટ્રોલ અને ડિઝલની કિંમતોમાં વધારો ન કરવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર દ્વારા સૂચના આપવામાં આવી છે. વૈશ્વિક તેલ કિંમતોમાં હાલમાં થયેલી રિકવરીના પરિણામ સ્વરૂપે થયેલા નુકસાનને પહોંચી વળવા માટે પોતાની રીતે પ્રયાસ કરવા તમામને સૂચના આપવામાં આવી છે. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન, ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન સહિતની કંપનીઓને પેટ્રોલ અને ડિઝલના વેચાણ ઉપર લીટરદીઠ રૂપિયા ૧ સુધીના નુકસાનને ઉઠાવવા માટે કહેવામાં આવ્યું છે. લોકોએ કહ્યું છે કે પેટ્રોલિયમ કંપનીઓને આના કારણે વધારે

બોજનો સામનો કરવો પડી શકે છે. પેટ્રોલ અને ડિઝલના વેચાણ પર છુટક પ્રતિ લીટર ૧ રૂપિયાનું નુકસાન થઈ શકે છે. આ મામલામાં નજર રાખી રહેલા સૂત્રોએ નામ જાહેર નહીં કરવાની શરતે આ મુજબની વાત કરી છે. બીજી બાજુ ઈન્ડિયન ઓઈલના શેરમાં મંગળવારના દિવસે ૭.૬ ટકાનો ઘટાડો થયો હતો. ઈન્ટ્રા ડેના કારોબાર દરમિયાન નવેમ્બર ૨૦૧૬ બાદથી સૌથી મોટો ઘટાડો થયો છે. જ્યારે એચપીસીએલમાં ૮.૩ ટકાનો ઘટાડો થઈ ચુક્યો છે. સરકાર તેલ કિંમતોને કાબુમાં રાખવા ઈચ્છુક છે. આ વર્ષે કેટલાક રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે ત્યારે સરકાર પેટ્રોલિયમ પેદાશોની કિંમતોમાં વધારો કરીને કોઈ જોખમ લેવા માટે તૈયાર નથી.

ભારત દ્વારા તેની વાર્ષિક ક્રુડ ઓઈલની જરૂરીયાત પૈકી ૮૦ ટકા ક્રુડની આયાત કરવામાં આવે છે. ભારત ઈચ્છે છે કે બેરલદીઠ ૫૦ ડોલર સુધીની કિંમત રાખવામાં આવે. પેટ્રોલિયમ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને એક ઈન્ટરવ્યુમાં આ મુજબની વાત કરી છે. ભારત ક્રુડને લઈને ખુબ જ આધારીત દેશ તરીકે છે.




ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧







